**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 6.831
Volume - 7, Issue - 06, June - 2024

DOIs:10.2018/SS/202406009 --:-- Research Paper / Article / Review

# આદિવાસી વિસ્તારમાં આયુષ્માન યોજના અર્તગત લાભાર્થીઓનો એક અભ્યાસ (દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના સદર્ભમાં)

[1] ડૉ. સોમાભાઈ એલ. ઠાકોર, [2] ડૉ.મણીલાલ આર. પટેલ
[1]જે.એમ. શાહ આર્ટસ્ & કોમર્સ કોલેજ-જબુસર, ભરૂચ.
[2]સખીદા કોલેજ લીંબડી-સુરેન્દ્રનગ.ર
Email - slthakorgvp@gmail.com

***સારાંશ:*** દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના આદિવાસી વિસ્તારમાં આયુષ્માન ભારત યોજના અર્તગત લાભાર્થીઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. દાહોદ જિલ્લો આદિવાસી અને પછાત જિલ્લામાં સમાવેશ થાય છે તે અંતર્ગત *Pradhan Mantri Jan Arogya Yojana (PMJAY)* યોજનાના લાભો આદિવાસી વિસ્તારમાં અને છેવાડાના પછાત વિસ્તાર સુધી આ યોજનાના લાભો પહોંચ્યા છે કે નહી? અને પહોંચ્યા છે તો આ યોજના આદિવાસી પ્રજા માટે કેટલી સફળ રહી છે તેને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવામાં આવ્યો હતો.
***મુખ્ય શબ્દો:*** આયુષ્માન યોજના અંર્તગત વિવિગ રોગોનું નિદાન, જનસંખ્યાનું પ્રમાણ, બધા માટે આરોગ્ય તરફ.

## 1. પરિચય:

**ભાગ - 1**

### 1.1. સંશોધનનો પરિચય અને પૂર્વભૂમિકા :

Sustainable Development Goals (SDG3 ) ઉદ્દેશ સાર્વત્રિક આરોગ્ય વધારવાનો અને તમામ પુરુષો અને સ્ત્રીઓને આરોગ્ય સંભાળ સેવાઓની સમાન પહોંચ પ્રાપ્ત કરવાનો છે. તેમજ નવજાત શિશુઓ અને પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં બાળમૃત્યુદર અટકાવી શકાય તેવા રોગચાળાને સમાપ્ત કરવાની દરખાસ્ત કરે છે. વિકાસ અને 2030 એજન્ડા માટે સારા સ્વાથ્યની જરૂરી છે. તે વ્યાપક આર્થિક અને સામાજિક અસમાનતાઓ, શહેરીકરણ, આબોહવા, કટોકટી, એચ.આઈ.વી અન્ય ચેપી રોગો પર સતત ધ્યાન કેન્દ્રિત કરવું.

સહ શતાબ્દીના લક્ષ્યાંકોની સમયસીમા પૂરી થતાં 8 લક્ષ્યાંકોમાં વધારો કરીને સપ્ટેમ્બર 2015માં મળેલી સંયુક્ત રાષ્ટ્રની ઐતિહાસિક મહાસભામાં 193 રાજ્યો દ્વારા 17 SDGS અને 196 લક્ષ્યાંકો સ્વીકારવામાં આવ્યા છે અને તે 1 જાન્યુઆરી 2016 થી અમલમાં આવી ગયા છે .આ 17 ધ્યેયોને હાંસલ કરવા કરવાની સમય મર્યાદા વર્ષ 2030 સુધીની રાખવામાં આવી છે આ 17 પૈકી સારું આરોગ્ય અને સુખાકારી આરોગ્યપ્રદ જીવન સુનિશ્ચિત કરવું અને તમામ ઉંમર લોકોને સુખાકારીને પ્રોત્સાહિત કરવી ભારત સરકારે પણ દેશના નાગરિકોનું આરોગ્ય સ્વસ્થ રહે તે માટે આયુષ્યમાન ભારત યોજનાનો અમલ કર્યો છે. આ ઉપરાંત રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) યોજના અંતર્ગત પણ અનેક સેવાઓ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે.

[1]Pradhan Mantri Jan Arogya Yojana (PMJAY) ભારત અંતર્ગત જાહેર આરોગ્ય સુવિધાઓનો ઉપયોગ વધારવા અને વ્યાપક પ્રાથમિક સંભાળને વિસ્તૃત કરવા માટે અત્યારના આરોગ્ય કેન્દ્રો (સબ સેન્ટર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો/શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો) ને Health and Wellness Centres (HWC) તરીકે કાર્યાન્વિત કરવામાં આવ્યાં છે. નાણાંકીય વર્ષ 2021-22માં 7523નાં લક્ષ્યાંક સામે કુલ 7523 હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર સફળતાપૂર્વક કાર્યાન્વિત કરવામાં આવેલ હતાં. નાણાંકીય વર્ષ 2022-23 માટે કુલ લક્ષ્યાંક 9607 (7756 સબ સેન્ટર, 1475 પ્રા.આ.કેન્દ્ર, અને 376 શહેરી પ્રા.આ.કેન્દ્ર) છે. જે પૈકી 10મી નવેમ્બર 2022 સુધીમાં કુલ 8357 હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર (6575 સબ સેન્ટર, 1463 પ્રા.આ.કેન્દ્ર, 319 શહેરી પ્રા.આ.કેન્દ્ર) સફળતાપૂર્વક કાર્યરત છે. માર્ચ-2023 સુધીમાં તમામ આરોગ્ય કેન્દ્રોને તબક્કાવાર Health and Wellness Centres (HWC) તરીકે કાર્યાન્વિત કરવા માટેનું આયોજન કરેલ છે. નાણાંકીય વર્ષ 2022-23 N.H.M. માટે કુલ રૂ.31749.86 લાખ મંજૂરી આપવામાં આવેલ છે. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પર 12 પ્રકારની સેવાઓ આવરી લેવામાં આવશે.

**[2] આરોગ્યપ્રદ જીવન સુનિશ્ચિત કરવું અને તમામ વયના લોકોની સુખાકારીને પ્રોત્સાહિત કરવાના વૈશ્વિક લક્ષ્યાંકો:**

- વર્ષ 2030 સુધીમાં, વૈશ્વિક માતા મૃત્યુદરને ઘટાડીને પ્રતિ 1 લાખ જીવંત જન્મએ 70 સુધી પહોંચાડયો.
- વર્ષ 2030 સુધીમાં, 5 વર્ષથી ઓછી વયના બાળકો અને નવજાત શિશુના મૃત્યુને અટકાવવા, જેમાં તમામ દેશો નવજાત મૃત્યુદરને ઘટાડીને પ્રતિ જીવંત જન્મદીઠ 12 અને 5 વર્ષથી ઓછી વર્ષના બાળકોમાં મૃત્યુદર પ્રતિ 1000 જીવંત જન્મદીઠ 25 સુધીના નીચેના સ્તરે પહોંચાડી શકાય.
- વર્ષ 2030 સુધીમાં, એઈડ્સ, ક્ષયરોગ, મેલેરીયા તથા ઉષ્ણ કટિબંધના અવગણાયેલા રોગોના ફેલાવાનો અંત લાવવો હિપેટાઈલિશ, પાણીજન્ય રોગો તથા અન્ય ચેપી રોગોની સામે પ્રતિકાર કરવો.
- વર્ષ 2030 સુધીમાં, પ્રતિરોધ તેમજ ઉપચાર દ્વારા બિન-ચેપી રોગોથી થતા અકાળે મૃત્યુના પ્રમાણમાં એક તૃતિયાંશ જેટલો ઘટાડો કરવો અને માનસિક આરોગ્ય તથા સુખાકારીને પ્રોત્સાહિત કરવી.
- નશીલા પદાર્થોથી થતી હિંસા અને આલ્હોકોલના હાનિકારક ઉપયોગ સહિત માદક દ્રવ્યોની અસર હેઠળ થતાં હુમલાને રોકવા અને ઉપચારને સુદ્રઢ બનાવવા.
- વર્ષ 2020 સુધીમાં, માર્ગ વાહનવ્યવહાર અકસ્માતોમાં થતાં વૈશ્વિક મૃત્યુ અને ઈજાઓનું પ્રમાણ ઘટાડી અડધું કરી દેવું.
- વર્ષ 2030 સુધીમાં કુટુંબ નિયોજન, માહિતી અને શિક્ષણ સહિત જાતિષ અને પ્રજનન આરોગ્યલક્ષી સેવાઓ સુધી વૈશ્વિક પહોંચ સુનિશ્ચિત કરવી અને પ્રજનન આરોગ્યનું રાષ્ટ્રીય વ્યુહરચના અને કાર્યક્રમોમાં જોડાણ કરવું.
- નાંણાકીય જોખમ સહિત વૈશ્વિક આરોગ્ય વાતાવરણ, ગુણવત્તાસભર આવશ્યક આરોગ્યલક્ષી સેવાઓ સુધી પહોંચ અને તમામ માટે સુરક્ષિત, અસરકારક, ગુણવત્તાશીલ અને પોષાય તેવી આવશ્યક ઔષધિઓ અને રસીઓ સુધી પહોંચ પ્રાપ્ત કરવી.
- વર્ષ 2030 સુધીમાં ઘાતક રસાયણો, હવા, પાણી તથા જમીનના પ્રદૂષણ વગેરના દુષિત થવાને કારણે રોગચાળા અને મૃત્યુની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવો.

---

[1] (2022-23). સામાજિક ક્ષેત્રો. સામાજિક-આર્થિક સમીક્ષા . ગાંધીનગર: ગુજરાત રાજય સરકાર.

[2] સરકાર, ગ. (2018). *"નિરંતર વિકાસના ધ્યેયો (SDGs)" તાલીમ મોડયુલ.* GOVERNMENT OF GUJARAT. ગાંધીનગર: ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS)સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાવ) ગુજરાત સરકાર.

[3]રોહિત ઢાકા અને રમેશ વર્મા (ઓગસ્ટ 2018) આયુષ્માન ભારત યોજના: ભારતીયો માટે એક યાદગાર આરોગ્ય પહેલના અભ્યાસ મુજબ વિશ્વના વિકાસશીલ દેશોમાં ગ્રામીણ 70% અને શહેરી 30% વસ્તી વિસ્તારમાં રહે છે. હાલમાં, ભારત રોગચાળાના આરોગ્ય સંક્રમણની સ્થિતિમાં છે એટલે કે ભારત ચેપી રોગો તેમજ બિનચેપી રોગોની બેવડી સ્વાસ્થ્ય સમસ્યાનો સામનો કરી રહ્યું છે જે આરોગ્ય અને આર્થિક સુરક્ષા માટે ખતરો છે. આ આરોગ્ય સંક્રમણ વસ્તીની વસ્તીમાં ફેરફાર, ગ્લોબલ વોર્મિંગ (વૈશ્વિકીકરણ અને શહેરીકરણ) આરોગ્યના સામાજિક અને આર્થિક નિર્ણાયકોમાં ફેરફારને કારણે છે. ભારતમાં, તબીબી સારવારની ઉપલબ્ધતા અને નબળી ગુણવત્તાને કારણે ઘણા લોકો મૃત્યુ પામે છે. આ વિકાસશીલ દેશમાં, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં અને નાના શહેરી નગરોમાં રહેતા લોકોમાં આરોગ્ય સંભાળ પરના ખર્ચમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે.

### 1.2. સંશોધનનું અવકાશ:

દાહોદ જિલ્લામાં આદિવાસી વસ્તીનું પ્રમાણ વધારે છે અને મોટા ભાગની વસ્તી સ્થળાંતર કરીને રોજગારી મેળવે છે. દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. કારણ કે, ગરબાડા તાલુકાની વસ્તી દૈનિક રોજગારી મેળવી પોતાનું ગુજરાન ચલાવતા શ્રમિક વર્ગનું પ્રમાણ વધુ છે. “નિરંતર વિકાસના ધ્યેયો” Millenium Development Goals) 17 મુદ્દાઓ અંર્તગત બાળમૃત્યુદર, માતૃત્વમૃત્યુદર અને ગરીબી જેવા માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યા છે જેને અભ્યાસમાં ધ્યાનમાં લેતા આયુષ્યમાંન યોજનાથી કેટલા કુટુંબોને લાભ મળ્યા છે. અને આ સરકારની યોજનાથી આદિવાસી કુટુંબો પર કેવી અસર પડી છે, જેને ધ્યાનમાં રાખી અભ્યાસ કરવામાં આવ્યો છે.

### 1.3. સંશોધનના ઉદ્દેશો:

1. આયુષ્યમાન યોજના હેઠળ લાભાર્થીઓની વિવિધ આરોગ્ય નિધાનની જાણકારી મેળવવી.
2. આયુષ્યમાન યોજનાના લાભાર્થી કુટુંબોમાં સરકારની યોજનાનો પુરતો લાભ મળ્યો તે તપાસવો.

### 1.4. સંશોધન અભ્યાસની નિદર્શન પસંદગી :

સંશોધન અભ્યાસ માટે દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારના ગરબાડા તાલુકાના PHCના પાંચવાડા અને સાહડા ગામના Health and Wellness Centres (HWC)માં આયુષ્યમાન યોજના હેઠળના લાભાર્થીઓની નિદર્શન તરીકેની પસંદગી કરવામાં આવી છે. આ બંન્ને ગામમાં માંથી 25-25 એમ કુલ 50 કુટુંબોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અને આ બધા જ કુટુંબોના લાભાર્થીઓ ST જાતિના છે.

### 1.5. સંશોધન પદ્ધતિ :

સંશોધન અભ્યાસ માટે દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારના ગરબાડા તાલુકાના પાંચવાડા અને સાહડા ગામના Health and Wellness Centres (HWC)માં આયુષ્યમાન યોજના હેઠળના લાભાર્થીઓની યદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. અભ્યાસ માટે પ્રશ્નાવલી દ્વારા પ્રાથમિક માહિતી એકત્રિકરણ કરવામાં આવી છે.

---

[3] Rohit Dhaka, R. V. (2018, August). Ayushman Bharat Yojana: a memorable health initiative for Indians. *International Journal of Community Medicine and Public Health, 5*(8), 3152.

**1.6. સંશોધન અભ્યાસમાં આંકડાકિય માહિતીનું એકત્રિકરણ અને વિશ્લેષણ :**

સંશોધન અભ્યાસ માટે કુટુંબો પાસેથી વર્ષ 2021-23ની પ્રાથમિક માહિતી મેળવવામાં આવી છે. ત્યાર બાદ માહિતીનુ વિશ્લેષણ કોષ્ટીકરણ દ્વારા કરવામાં આવ્યું છે.

**ભાગ -2**

**2. ગૌણ માહિતી :**

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાંચવાડા અને સાહડા ગામના લાભાર્થીઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે લાભાર્થીઓની સંખ્યાની પ્રાપ્તી માટે 2011 Census અને PMJAY અંતર્ગત લાભાર્થીઓના માહિતી પ્રાપ્ત કરી જે નીચેના કોષ્ટક મુજબ છે.

**કોષ્ટક: 2.1.1 જનસંખ્યાનું પ્રમાણ :**

| જનસંખ્યાનું પ્રમાણ | | |
|---|---|---|
| વિગત | સંખ્યા | ટકાવારી |
| પાંચવાડા | 2,709 | 41.3% |
| સાહડા | 3,858 | 58.7% |
| કુલ | 6,567 | 100.0% |
| www.Pachwada & Sahada 2011 Census | | |

પ્રસ્તુત કોષ્ટક 2.1.1માં ગરબાડા તાલુકાના પાંચવાડા અને સાહડા ગામની વસ્તીનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું. જે પૈકી પાંચવાડા ગામમાં 41.3% વસ્તી અને સાહડા ગામમાં 58.7% વસ્તી છે.

**કોષ્ટક: 2.1.2 PMJAY કાર્ડ લાભાર્થીની સંખ્યા:**

| PMJAY કાર્ડ લાભાર્થીની સંખ્યા | | |
|---|---|---|
| વિગત | સંખ્યા | ટકાવારી |
| પાંચવાડા | 2098 | 47.1% |
| સાહડા | 2354 | 52.9% |
| કુલ | 4452 | 100.0% |

પ્રસ્તુત કોષ્ટક 2.1.2માં ગરબાડા તાલુકાના પાંચવાડા અને સાહડા ગામના PMJAY કાર્ડ લાભાર્થીની ટકાવારી દર્શાવવામાં આવી છે જે પૈકી પાંચવાડા ગામમાં 47.1% અને સાહડા ગામમાં 52.9% PMJAY કાર્ડના લાભાર્થીઓની સંખ્યા છે.

**ભાગ-3**

**3. પ્રાથમિક માહિતી :**

PMJAY યોજના અતર્ગત લાભાર્થીઓની પ્રાથમિક માહિતી પ્રશ્નાવલી દ્વારા એકત્રિકરણ કરવામાં આવી છે, જે પૈકીની માહિતી કોષ્ટક અને તારણો પ્રમાણે નીચે મુજબ દર્શાવેલ છે.

**કોષ્ટક: 3.1.1**

**(HWC) સેન્ટર પર લાભાર્થીઓનું નિદાન :**

| HWC સેન્ટર પર લાભાર્થીઓનું નિદાન | | | |
|---|---|---|---|
| વિગત | પાંચવાડા | સાહડા | કુલ |
| ડાયાબિટીસ | 13<br>26.0% | 12<br>24.0% | 25<br>50.0% |
| બી.પી. | 7<br>14.0% | 9<br>18.0% | 16<br>32.0% |
| કેન્સર | 2<br>4.0% | 1<br>2.0% | 3<br>6.0% |
| લોહીની ઉણપ | 2<br>4.0% | 3<br>6.0% | 5<br>10.0% |
| મોંઢાનું કેન્સર | 1<br>2.0% | 0 | 1<br>2.0% |
| કુલ | 25<br>50.0% | 25<br>50.0% | 50<br>100.0% |

પ્રસ્તુત કોષ્ટક 3.1.1માં ગરબાડા તાલુકાના પાંચવાડા અને સાહડા ગામનીના HWC સેન્ટર પર નિદાન લાભાર્થીની ટકાવારી દર્શાવવામાં આવી છે જે પૈકી પાંચવાડા ગામમાં ડાયાબિટીસના 26.0%, બી.પી. 14.0%, કેન્સરના 4.0%, લોહીની ઉણપના 4.0%, મોંઢાનું કેન્સરના 2.0% અને સાહડાના ડાયાબિટીસના 24.0% બી.પી. 18.0% કેન્સરના 2.0%, લોહીની ઉણપના 6.0%, લાભાર્થીઓએ PMJAY યોજના અતર્ગત સ્વાસ્થયની સેવાનો લાભ લીધો છે.

**કોષ્ટક: 3.1.2 HWC દ્વારા કુટુંબ કલ્યાણને લગતી સેવાઓ :**

| HWC દ્વારા કુટુંબ કલ્યાણને લગતી સેવાઓ | | | |
|---|---|---|---|
| વિગત | પાંચવાડા | સાહડા | કુલ |
| નિરોધ | 13<br>26.0% | 12<br>24.0% | 25<br>50.0% |
| કોપરી-ટી | 4<br>8.0% | 5<br>10.0% | 9<br>18.0% |
| સ્ત્રીઓને ઓપરેશન | 5<br>10.0% | 4<br>8.0% | 9<br>18.0% |
| અંતરાઈઝેશન | 2<br>4.0% | 3<br>6.0% | 5<br>10.0% |
| પુરૂષ સંબંધી | 1<br>2.0% | 1<br>2.0% | 2<br>4.0% |
| કુલ | 25<br>50.0% | 25<br>50.0% | 50<br>100.0% |

પ્રસ્તુત કોષ્ટક 3.1.2માં ગરબાડા તાલુકાના પાંચવાડા અને સાહડા HWC દ્વારા કુટુંબ કલ્યાણને લગતી સેવાઓની ટકાવારી દર્શાવવામાં આવી છે જે પૈકી પાંચવાડા ગામના નિરોધના 26.0%, કોપરી-ટી 8.0% સ્ત્રીઓને ઓપરેશના 10.0%, અંતરાઈઝેશનના 2.0%, પુરૂષ સંબંધીના રોગો 8.0% અને સાહડા ગામના નિરોધના 24.0%, કોપરી-ટી 10.0%, સ્ત્રીઓને ઓપરેશના 8.0%, અંતરાઈઝેશનના 6.0%, પુરૂષ સંબંધીના રોગો 2.0% લાભાર્થીઓએ PMJAY યોજના અતર્ગત સ્વાસ્થયની સેવાનો લાભ લીધો છે.

**કોષ્ટક: 3.1.3 HWC સેન્ટર પર વિવિધ રોગનું નિદાન:**

| HWC સેન્ટર પર વિવિધ રોગનું નિદાન | | | |
|---|---|---|---|
| વિગત | પાંચવાડા | સાહડા | કુલ |
| આંખના રોગ | 11<br>22.0% | 9<br>18.0% | 20<br>40.0% |
| કાનના રોગ | 6<br>12.0% | 3<br>6.0% | 9<br>18.0% |
| ગળાના રોગ | 3<br>6.0% | 4<br>8.0% | 7<br>14.0% |
| નાકના રોગ | 1<br>2.0% | 3<br>6.0% | 4<br>8.0% |
| અન્ય | 4<br>8.0% | 6<br>12.0% | 10<br>20.0% |
| કુલ | 25<br>50.0% | 25<br>50.0% | 50<br>100.0% |

પ્રસ્તુત કોષ્ટક 3.1.3માં ગરબાડા તાલુકાના પાંચવાડા અને સાહડા HWC સેન્ટર પર વિવિધ રોગનું નિદાનની ટકાવારી દર્શાવવામાં આવી છે જે પૈકી પાંચવાડા ગામમાં આંખ રોગના 22.0% કાનના રોગ 12.0% ગળાના રોગના 6.0% નાકના રોગના 2.0% અન્ય રોગોના 8.0% અને સાહડા ગામમાં આંખ રોગના 18.0% કાનના રોગ 6.0% ગળાના રોગના 8.0% નાકના રોગના 6.0% અન્ય રોગોના 12.0% લાભાર્થીઓએ PMJAY યોજના અતર્ગત સ્વાસ્થયની સેવાનો લાભ લીધો છે.

**4. સંશોધન અભ્યાસના મહત્વના તારણો :**

1. પાંચવાડા ગામમાં 26.0% અને સાહડામાં 24.0% ડાયાબિટીસની સારવારનો PMJAY યોજનાનો લાભ લીધો છે.
2. પાંચવાડા ગામમાં 14.0% અને સાહડામાં 18.0% બી.પી. સારવારનો PMJAY યોજનાનો લાભ લીધો છે.
3. પાંચવાડા ગામમાં 20.0% અને સાહડામાં 14.0% નિરોધના PMJAY યોજનાનો લાભ લીધો છે.
4. પાંચવાડા ગામમાં 10.0% અને સાહડામાં 8.0% સ્ત્રીઓને ઓપરેશની સારવારનો PMJAY યોજનાનો લાભ લીધો છે.
5. પાંચવાડા ગામમાં 12.0% અને સાહડામાં 6.0% આંખ રોગની સારવારનો PMJAY યોજનાનો લાભ લીધો છે.
6. પાંચવાડા ગામમાં 22.0% અને સાહડામાં 18.0% કાનના સંબંધિત રોગની સારવારનો PMJAY યોજનાનો લાભ લીધો છે.

**5. સારાંશ :**

PMJAY યોજનાનો લાભ દાહોદ જિલ્લાના આદિવાસી પછાત વિસ્તારમાં HWC સેન્ટર પર સ્વાસ્થયની સુવિધાઓનો ફ્રીમાં લાભ લઈને સ્વાથસ્યની સેવાઓ મેળવી છે, એટલે સરકાર શ્રીની આવી સ્વાસ્થયક્ષેત્રની યોજનાઓથી ગરીબ વર્ગની આદિવાસી પ્રજા માટે સરકારશ્રીની આવી યોજનાઓ આશિવાર્દરૂપ છે તેમ કહી શકાય. આવી યોજનાના લાભોથી વસ્તી વધારા પર નિયતંત્ર લાવી શકાય છે અને સંપોષિત વિકાસના 18 મુદ્દાઓને ધ્યામાં લેતા આવી યોજનાઓથી સ્વાસ્થયનાક્ષેત્રે સુધારા લાવી શકાય છે.

**સંદર્ભ સૂચિ :**

1. (2022-23). *સામાજિક ક્ષેત્રો.* સામાજિક-આર્થિક સમીક્ષા . ગાંધીનગર: ગુજરાત રાજ્ય સરકાર.
2. Mission, N. H. (2019). *Ayusman Bharat Health And Wellness Centers.* Bharat Health And Wellness Centers.
3. Rohit Dhaka, R. V. (2018, August). Ayushman Bharat Yojana: a memorable health initiative for Indians. *International Journal of Community Medicine and Public Health, 5*(8), 3152.
4. *sensus of gujrat ૨૦૧૧. .*
5. સરકાર, ગ. (2018). *"નિરંતર વિકાસના ધ્યેયો (SDGs)" તાલીમ મોડયુલ.* GOVERNMENT OF GUJARAT. ગાંધીનગર: ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS)સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાવ) ગુજરાત સરકાર.